આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ માર્ચ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૦૫ | સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ | કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

## વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (૬ ગુણ)**

૧. પ્રગટપણું એક દ્વારા.
૨. ઉપાસનાનું મહત્ત્વ
૩. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય.
૪. સર્વકર્તાહર્તા સમજવાની આવશ્યકતા.

**પ્રશ્ન.૨. પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (૫ ગુણ)**

ઉદાહરણ : 'ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચમહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.'
જવાબ : નિરાકાર સમજવાથી ખોટ.

૧. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે.
૨. અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાંઝા બીજા ઝાકળ.
૩. રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરુપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે ઉપાસના છે.
૪. જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે.
૫. છો તો એક ને દીસો છો દોય, તેનો મર્મ જાણે જન કોય.

**પ્રશ્ન.૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો. (૪ ગુણ)**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે, તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગવાન સદા સાકાર છે.
(અ) મારું ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ
(બ) ભગવાન નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે.
(ક) ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે, તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે.
(ડ) તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે.

૨. 'સ્વામી અક્ષર છે' તે વિષેનાં પ્રમાણો
(અ) જૂનાગઢ સ્વામીની સેવામાં રહો એમાં અમારો બહુ રાજીપો છે.
(બ) જેતપુરના જૂના મંદિરમાં ચાંદીના ઉપાડની યુગલમૂર્તિમાં ''મૂળ અક્ષરમૂર્તિ'' લખેલું છે.
(ક) સમાધિસ્થાન 'અક્ષરદેરી' તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ.
(ડ) સોરઠ દેશનાં હરિ મંદિરોમાં સ્વામીના નામની આગળ 'અનાદિ મૂળ અક્ષર' લખેલું છે.

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો. (૪ ગુણ)**

૧. બાપુ રતનજીનો સ્વાનુભાવ
૨. 'છોકરા ! ભગવાનને તોળ મા !'
૩. ભાઈ આત્માનંદ સ્વામીને થયેલ સર્વોપરીનિષ્ઠા.
૪. વરતાલસમૈયામાં સ્વામીશ્રીએ કરેલી અક્ષરસ્વરૂપની સ્પષ્ટતા.

**પ્રશ્ન.૫. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. શ્રીજીમહારાજ સર્વોપરી - પરમહંસોનાં પદોમાં.

૨. ભગવાનને અરૂપ કહેવા તે ભગવાનનો દ્રોહ છે.

૩. શ્રીજીમહારાજે કહેલો ગુણાતીતાનંદ સ્વામીનો અસાધારણ મહિમા

૪. ઉત્પત્તિસર્ગ સમજાવો.

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં )** **(૮ ગુણ)**

૧. અંતકાળે આત્મનિષ્ઠા કંઈ કામમાં આવતી નથી.

૨. ઈશ્વરાદિક કરતાં પરમેશ્વરનું સર્વજ્ઞપણું જુદા પ્રકારનું છે.

૩. યજ્ઞપુરુષદાસે ‘‘સ્વામી મૂળ અક્ષર છે.’’ તે વાત જીવમાં દૃઢ કરી.

૪. પ્રમુખસ્વામી મહારાજ શ્રીહરિને મળેલા કહેવાય.

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો.** **(૮ ગુણ)**

(ઉપાસનામાં શું સમજવું.)

૧. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ ............................ ભક્તિનો અધિકારી થાય છે.

૨. આપણી ઉપાસના ..................... બે ચરણની જ છે.

૩. અક્ષરબ્રહ્મ પણ ધામમાં ............................ નિર્ગુણ કરી મૂકે છે.

૪. પુરુષોત્તમપણું ......................... ભિન્ન ભિન્ન છે.

૫. ધામમાં જે પરબ્રહ્મનું ............................ શ્રીજીમહારાજ છે.

(ઉપાસનામાં શું ન સમજવું.)

૧. શ્રીજીમહારાજની ચાખડી ............................ તેમ ન સમજવું.

૨. એકલા અક્ષરબ્રહ્મ જ ............................ ન સમજવું.

૩. શિક્ષાપત્રી અને ............................ કહી શકાય તેમ ન સમજવું.

**પ્રશ્ન.૮.** ‘બ્રહ્મને પરબ્રહ્મ લીન કરે છે.’ સમજાવો. **(૫ ગુણ)**

**વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩, યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ**

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે.** **(૬ ગુણ)**

૧. ‘‘અમે સ્વામિનારાયણના સાધુ છીએ.’’ **(સ.વા. ૩)**

૨. ‘‘તારા જીવ સામું જોઉં છું, તો અરધો સત્સંગ રહ્યો છે.’’ **(સ.વા. ૩)**

૩. ‘‘એમને જમાડીને મોકલજો.’’ **(યુગવિભૂતિ)**

૪. ‘‘મારાં મા-બાપે પણ મને આવો પ્રેમ નથી આપ્યો.’’ **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો લખો. (નવેક લીટીમાં)** **(૬ ગુણ)**

૧. રઘુવીરજી મહારાજે જાતે જ રોટલો બનાવી દીધો. **(સ.વા. ૩)** **અથવા**

૧. નિષ્કુળાનંદ સ્વામીની આત્મનિષ્ઠાથી સૌ અચરજ પામ્યા. **(સ.વા. ૩)**

૨. યુવાન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. **(યુગવિભૂતિ)** **અથવા**

૨. દારે સલામ એરપોર્ટના અધિકારીઓ આશ્ચર્ય ચકિત થઈ ગયા. **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૧. નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. દર્શનનાં લોભી કુશળકુંવરબા **(સ.વા. ૩)** **અથવા** ૧. ખુશાલ ભટ્ટનાં ઐશ્વર્યો **(સ.વા. ૩)**

૨. આનંદથી નાચેલા દલુભાઈ મદારી **(યુગવિભૂતિ)** **અથવા** ૨. પ્રેરક વિદ્યાર્થીજીવન **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં આપો.** (૬ ગુણ)

૧. મહારાજની ઈચ્છાથી ખુશાલ ભક્તે કયા ગામે શિક્ષક તરીકે સેવા કરી ? (**સ.વા. ૩**)
૨. નિષ્કુળાનંદ સ્વામીએ કઈ ચિરસ્મરણીય કલા-કૌશલનું સર્જન કર્યું હતું ? (**સ.વા. ૩**)
૩. શિવલાલ માટે શ્રીજીમહારાજે શું કહ્યું ? (**સ.વા. ૩**)
૪. વડોદરામાં ભગવતચરણ સ્વામીને સ્વામીશ્રીએ કઈ ટકોર કરી ? (**યુગવિભૂતિ**)
૫. ૧૯૮૫માં શરીરમાં તાવ હોવા છતાં સ્વામીશ્રીએ કેટલા દિવસમાં કેટલાં ગામોમાં વિચરણ કર્યું ? (**યુગવિભૂતિ**)
૬. ભોજ ગામના હરિજનોએ મહેમાનોને શું કહ્યું ? (**યુગવિભૂતિ**)

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે, તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. મુક્તાનંદ સ્વામીએ સંસ્કૃત સાહિત્યમાં કરેલું સર્જન (**સ.વા. ૩**)
(અ) બ્રહ્મસૂત્રભાષ્ય (બ) મુકુંદબાવની (ક) ઉદ્ધવગીતા (ડ) નિર્ણય પંચક

૨. ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને અક્ષરની ઓળખ આપી. (**સ.વા. ૩**)
(અ) જેની વાતોથી બ્રહ્મભાવ પ્રગટ થતો હોય.
(બ) શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તેવો તત્ત્વેસહિત નિશ્ચય થતો હોય
(ક) જેની વાતોથી ગોલોકની પ્રાપ્તિ થતી હોય.
(ડ) જેની વાંસે ઝાઝા મનુષ્યો ખેંચાતા હોય

૩. સ્વામીશ્રીની કરુણાના ઝીલનારા (**યુગવિભૂતિ**)
(અ) ડાહ્યાભાઈ
(બ) પ્રશાંત
(ક) સાધુજીવન સ્વામી
(ડ) શ્રી કૉગ્સવેલ

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૪. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** (૨૦ ગુણ)

૧. સર્વોપરીઉપાસનાના પ્રવર્તક - ગુણાતીતાનંદ સ્વામી
૨. પાશ્ચાત્ય ભૂમિ પર પ્રેમ, પુરુષાર્થ અને પ્રાર્થનાની ફલશ્રુતિ - મંદિર
૩. હિંદુ સંસ્કૃતિનું પોષક અને સંવર્ધક - અક્ષરધામ.

* * *

---

**અગત્યની નોંધ :-**

(૧) ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ મુખ્ય પરીક્ષામાં પુછાશે.

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર વર્ગસુપરવાઈઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર પ્રાપ્ત કરીને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડીને વર્ગસુપરવાઈઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઈઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૪) દરેક મુખ્ય પ્રશ્નના જવાબનું લખાણ નવા પાનેથી જ શરૂ કરવું.